# ગાંધીનગરમાં આકરી ગરમી : એકનું મોત

## બોરીજના દશરથજી ઠાકોરનું લૂ લાગવાથી મૃત્યુ : હજુ વધુ ગરમીનો વર્તારો : જન જીવન પર ઘેરી અસર

**વિક્રમી તાપમાન 44 ડિગ્રી**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં ગરમી આજકાલ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે. આજે બુધવારે ગરમીનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચતા જનજીવન પર ઘેરી અસર સર્જાઈ હતી. મળતી બીન સત્તાવાર માહિતી મુજબ આકરી ગરમીથી બોરીજના ૩૬ વર્ષીય યુવાન દશરથજી ઠાકોરનું નૃતયુ નીપજયું છે. હજુ એક-બે દિવસ આકરી ગરમીનો વર્તારો હવામાન વિભાગના તજજ્ઞો વ્યકત કરે છે.

ઉનાળો પરમ સીમા પર પહોચી રહ્યો છે ત્યારે ગરમી મહત્તમ સ્થિતિએ પહોંચતી જાય છે. ગઈ કાલે ભુજ અને ઈડરમાં ગરમી ૪૫ ડિગ્રીને વટાવી ગઈ હતી તેના પગલે આજે ગાંધીનગર અને અમદાવાદમાં પણ ગરમીનું આકરું સ્વરૂપ અનુભવાયું હતું. આકરી ગરમીના કારણે સે-૨૦માં માળી કામ કરતા ૩૬ વર્ષીય યુવાન દશરથજી અમરતજી ઠાકોરનું મૃત્યુ નીપજયું હોવાના અહેવાલ છે. દશરથજી ઠાકોર બોરીજનો રહેવાસી છે અને તે બુધવારે બપોરે માળી કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક જ તેની તબિયત લથડી હતી જો કે તેને સિવિલ હોસ્પિટલ લઈ જવાય તે પહેલા જ તેનું અવસાન થયું હતું. પોસ્ટમોર્ટમ બાદ તેના વિશેરા એફએસએલને મોકલી દેવાયા છે.

ભારે ગરમીથી વસાહતીઓ ત્રસ્ત બની ગયા છે. આખો દિવસ શહેરમાં લુ ફુંકાતી રહી હતી. ઘરના બારી બારણા બંધ હોય તો પણ ઘરમાં લુ નો અનુભવ થતો હતો. આખો દિવસ વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. માર્ગો પર

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૭૮ | ૨૯ મે, ૨૦૧૪, ગુરૂવાર; જેઠ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

માણસ પ્રશંસા પાત્ર બની શકે, પણ સુપાત્ર ઠરવા માટે તો એણે ક્ષણે ક્ષણે પોતાની જાતને ઘડવી પડે છે

- એસ. ભટ્ટાચાર્ય

# જિલ્લાનો ક્રેડીટ પ્લાન ૧૮ ટકા વધ્યો

## થાપણો અને ધિરાણ વધવા છતાં ક્રેડિટ ડિપોઝીટ રેસિયો માત્ર ૫૧ ટકા જ નોંધાતા તંત્ર નારાજ

## ગ્રામ્ય વિસ્તારમાં શાખાઓ ખોલવાની સામે બેંકોના ઉદાસીન વલણ સામે કલેક્ટર નારાજ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાનો ક્રેડિટ પ્લાન રૂ. ૨૧૭૬.૫૬ કરોડનો જિલ્લા સ્તરીય બેંકિંગ સલાહકાર સમિતિએ મંજૂર કર્યો છે. જે ગત નાણાંકીય વર્ષ કરતાં ૧૮ ટકા જેટલો વધારે છે. ગત નાણાંકીય વર્ષનો ક્રેડિટ પ્લાન રૂ. ૧૯૦૦ કરોડનો હતો.

જિલ્લા બેંકિંગ સલાહકાર સમિતિમાં રજુ થયેલ વિગતો મુજબ બેંકોની ડિપોઝીટ અને ધિરાણમાં વધારો થયો હોવા છતાં જિલ્લાનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો ૫૧ ટકા જેટલો જ રહ્યો છે.

આ બેઠકમાં સખી મંડળોને બેંક લીંકેજીસ આપવાની બાબતમાં ગતિ લાવવા ઉપરાંત કૃષિક્ષેત્રની સમૃદ્ધિ માટે કિસાન ક્રેડીટ કાર્ડ આપવાની કામગીરીના લક્ષ્યાંકો પણ સમયસર પૂર્ણ થાય તે માટે આગ્રહ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને ફાયનાન્સીયલ ઈન્કલુઝીવ અને બેંકીંગ સેવાઓનો ગ્રામીણ સ્તર સુધી બ્રાન્ચો ખોલી વ્યાપ વધારવાની ધીમી કામગીરીને લઈ નારાજગી વ્યક્ત થઈ હતી.

ગાંધીનગર જિલ્લાની જિલ્લા સ્તરીય સલાહકાર સમિતિની કલેક્ટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવે જેમાં જિલ્લામાં કાર્યરત બેંકો દ્વારા તૈયાર કરેલ અને લીડ બેંક-દેના બેંક દ્વારા સંકલીત કરેલ

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)

# હીટવેવથી વાહનચાલકો ત્રાહીમામ

## ટાયર ફાટી જવાની, પંક્ચર થવાની, એન્જીન વધુ ગરમ થઈ જવાની તથા વાયરીંગ પીગળી જવાની સમસ્યાઓ

ગાંધીનગર, તા. ૨૮

આકરા ઉનાળાના તાપે સજીવો તોબા પોકારી ઉઠ્યા છે. ત્યારે નિર્જીવો પણ બાકાત રહ્યા નથી. અસહ્ય ગરમીથી હાલ જન-જીવન ઉપર વ્યાપક અસરો જોવા મળી રહી છે તો હાઈવે ઉપર દોડતા ભારવાહક વાહનો પણ આ ગરમીની ઝપટે ચડી થંભી ગયા છે. ગરમીથી ઉભી થતી અનેક યાંત્રિક ખામીઓ થકી માલની ડીલીવરી પણ સમયસર ન થઈ શકતા વાહનમાલિકો પણ લાચાર બન્યા છે.

ધોમધખતા તાપે અનેક મુશ્કેલીઓ ઉભી કરી દીધી છે. માનવજાત, પશુ પંખી કે અન્ય સજીવ આ તાપથી બચવા અનેક પ્રકારના નુસખા અપનાવી લીધા છે. પરંતુ જીવન નિર્વાહના આધારસ્તંભ ગણાતી આજીવિકા ઉપર આ ગરમીએ કરેલી અસરોથી લોકો લાચાર બની ગયા છે. જેમાં રાજ્યના ધોરીમાર્ગ અને નેશનલ હાઈવે ઉપર અસંખ્ય ભારવાહક વાહનો દૈનિક માલ સામાનની વહન પ્રક્રિયા કરે છે. જે છેલ્લા દસ દિવસથી ગરમીએ કરેલા પ્રકોપથી આ વહન પ્રક્રિયા ઉપર વ્યાપક અસરો જોવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જમિયતપુરાની ગ્રામસભામાં મુખ્યમંત્રી

**મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ગ્રામજનોએ ગ્રામસભામાં ઉઠાવેલા મુદ્દાઓ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકાના જમિયતપુરા ગામને એસ.ટી.ની સેવાથી સાંકળવા તેમજ ગામને સમયસર સસ્તા અનાજ દુકાનમાંથી પુરવઠો ઉપલબ્ધ બને તે માટે દુકાન આપવા અને પાણીના બોરમાંથી નર્મદાનું પાણી મળી રહે તે જવા સહિતના પ્રશ્નો મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં મળેલ ગ્રામસભામાં રજુ થયા હતા.

મળતી વિગતો પ્રમાણે જમિયતપુરા ગામા કુંવારવાસ નજીક સસ્તા અનાજની દુકાન બંધ થઈ ગઈ હોવાથી લાભાર્થીઓને અન્ય ગામમાં જઈ પુરવઠો મેળવવો પડે છે તેની ઉગ્ર રજુઆત ગ્રામસભામાં થઈ હતી.

આ ગ્રામસભામાં બોરનું પાણી બંધ થઈ ગયું છે તો તાત્કાલિક વૈકલ્પિક

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

**● કમલનાથ પ્રોટેમ સ્પીકર**

કોંગ્રેસના અગ્રણી નેતા



કમલનાથ કામચલાઉ સ્પીકરની ભૂમિકા અદા કરશે. તેઓ નવા સાંસદોને શપથ લેવડાવશે અને નવા સ્પીકરની ચૂંટણી નહી થાય ત્યાં સુધી સંસદનું કામકાજ સંભાળશે.

**● ભાજપના પ્રમુખપદની રેસમાં ઓમ માથુર મોખરે**

રાજસ્થાનના ભાજપના



અગ્રણી ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારી ઓમ માથુર ભાજપના રાષ્ટ્રીય પ્રમુખપદની રેસમાં મોખરે છે. આગામી એકાદ સપ્તાહમાં સત્તાવાર જાહેરાત થશે.

**● આજે કેબીનેટની બીજી બેઠક**

નરેન્દ્ર મોદી સરકારની કેબીનેટની બીજી બેઠક ગુરૂવારે યોજાશે. આ બેઠકમાં જૂનમાં સંસદના વિશેષ સત્ર બોલાવવા અંગેની ચર્ચા કરવામાં આવશે. આ ઉપરાંત જુલાઈ માસમાં બજેટસત્ર બોલાવવા અંગે પણ ચર્ચા કરવામાં આવશે.

**● સાબીરઅલીએ નકવી સામેનો કેસ પાછો લીધો**

જેડીયુના ધારાસભ્ય સાબીરઅલીના ભાજપ પ્રવેશ



અંગે વાંધો ઉઠાવનાર મુખ્તાર અબ્બાસ નકવી સામેનો માનહાનીનો દાવો તેઓએ પાછો ખેંચ્યો છે. સાબીરઅલી આજે નકવીને મળ્યા હતા અને કેટલીક વાતચીત પણ કરી હતી.

**● આનંદીબેનના મોટાબેનનું દુઃખદ અવસાન**

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના મોટાબેન સરીતાબેનનું ૯૨ વર્ષની વયે વીસનગર ખાતે અવસાન થયેલ છે. સદ્ગતની અંતિમયાત્રામાં ભાગ લેવા આનંદીબેન આવતીકાલે સવારે વીસનગર પહોંચશે આથી કેબીનટની બેઠક મુલ્તવી રખાઈ છે.

## શાળા પ્રવેશોત્સવમાં ભાગ લેવા સ્મૃતિ ઈરાની આવશે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતમાં યોજાનાર શાળા પ્રવેશોત્સવમાં ભાગ લેવા માટે કેન્દ્રના



માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાની ગાંધીનગર આવશે.

જો કે તેમનો વિગતવાર કાર્યક્રમ હવે પછી નિયત કરાશે હાલ માત્ર શિક્ષણ વિભાગને આ અંગેની જાણ કરવામાં આવી છે. રાજ્યમાં દર વર્ષે શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવે છે.

રાજ્યનું શિક્ષણ વિભાગ શાળા પ્રવેશોત્સવની તૈયારીમાં તડામાર વ્યસ્ત બની ગયું છે. આ વખતે પ્રવેશોત્સવમાં કન્યાઓના ૧૦૦ ટકા નામાંકનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

## સફાઈ કામદારોની ગેરહાજરી સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની મુલાકાતમાં છતી થઈ

ગાંધીનગર, તા. ૨૮


ગાંધીનગર મહાનગર પાલિકામાં સફાઈ કામદારોની નિયમિત ગેરહાજરીનો મુદ્દો આજે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેની અચાનક મુલાકાત દરમ્યાન પ્રકાશમાં આવ્યો છે.

શ્રી આશિષ દવેએ આજે શહેરના કેટલાક વિસ્તારોની ઓચીંતી મુલાકાત લઈ અને સફાઈની કામગીરી અંગે સમીક્ષા કરી હતી. જેમાં સેનેટરી ઈન્સ્પેક્ટરની ગેરહાજરી તેમજ સફાઈ કામદારોની ગેરહાજરીને લઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા.

તેમણે સફાઈના મુદ્દે તંત્રના ઉદાસીન વલણ અંગે નાયબ મ્યુનિ. કમિશનરશ્રીને પત્ર લખી તાબડતોબ પગલાં લેવા માટે સૂચવ્યું છે. સ્ટેન્ડીગં કમિટીના ચેરમેનશ્રીએ અગાઉના અનુભવોને પણ પત્રમાં ટાંક્યા હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન મળતી વિગતો

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું**

અમારા માતૃશ્રી **ગં.સ્વ. ભીખીબા ઘેલારામ ગાંધર્વ**નું તા. ૨૪/૫/૨૦૧૪ના રોજ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૯/૫/૧૪ના રોજ શુક્રવારે સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ૩૮, સોમનાથ સોસાયટી, પેથાપુર, તા.જી. ગાંધીનગર

લી.

કનુભાઈ ઘેલાભાઈ ગાંધર્વ
તથા પરિવાર

**શ્રીરંગ પાર્ક કો.ઓપ. હાઉસીંગ સ.સોસાયટી લિ.**

વાસણા હડમતિયા, સેક્ટર-૪ પાછળ, ખ-૦, ગાંધીગર-૩૮૨૦૦૬

આથી સોસાયટીના સર્વે સભાસદો અને પ્લોટ ધારકોને જણાવવામાં આવે છે કે, મંડળની વર્ષ-૨૦૧૩-૧૪ની પાંચમી વાર્ષિક સાધારણ સભા તા. ૧/૬/૨૦૧૪ને રવિવારના રોજ સાંજે ૪-૦૦ વાગે સોસાયટીની ઓફીસ ખાતે વાર્ષિક અહેવાલમાં જણાવેલ કામકાજ કરવા માટે રાખવામાં આવેલ છે. તો દરેક સભાસદે સમયસર હાજર રહેવા વિનંતી છે. સભાનું કામકાજ પૂર્ણ થયે પરિવાર સહ સાથે ભોજન લઈશું.

**તા.ક. : દરેક પ્લોટ ધારક તેમજ રહેવાસીએ મંડળીમાં સભાસદ થવાનું બાકી હોય તેઓએ તાકીદે દસ્તાવેજી પૂરાવા મોકલી આપવા વિનંતી છે.**

| | |
|---|---|
| **સુરેશભાઈ પટેલ** | **બાબુભાઈ પટેલ** |
| પ્રમુખ | મંત્રી |
| મો. ૯૯૭૪૧ ૩૩૩૯૯ | મો. ૯૫૭૪૯૫૪૪૦૩ |




**થોડીક સજાગતા - સમગ્ર પરિવારની સ્વસ્થતા**

- પાણી શક્ય હોય તો ઉકાળીને પીઓ અથવા ક્લોરીનની ગોળીનો ભૂકો કરી પીવાના પાણીમાં નાખી સલામત પાણી પીઓ.
- ક્લોરીનની ગોળી આરોગ્ય કેન્દ્ર તેમજ આરોગ્ય કર્મચારી પાસે વિનામૂલ્યે મળે છે.
- ગમે તે ખુલ્લા જળસ્રોતોનું પાણી ન પીઓ.
- નળમાં પ્રથમ પાંચ મિનિટ દરમિયાન આવતું પાણી જવા દીધા પછી જ પાણી પીવાના ઉપયોગ માટે ભરવું.
- માટલામાંથી પાણી લેવા માટે ડોયાનો જ ઉપયોગ કરવો.
- ભૂગર્ભ કે ઓવરહેડ પાણીની ટાંકીઓ હંમેશા સાફ રાખો.
- શાકભાજી અને ફળ સારી રીતે ધોઈને જ ખાવા.
- ખુલ્લો રાખેલો કે વાસી ખોરાક ન ખાવો.
- રસોઈ બનાવતા કે પીરસતા પહેલાં / જમતા પહેલાં કે શૌચક્રિયા પછી સાબુથી હાથ અવશ્ય ધૂઓ.

કમિશનરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા પ્રકાશિત

**કેસર કેરી**

જૂનાગઢ અને તલાલા ગીરની પ્રખ્યાત કાર્બાઈડ વગરની કુદરતી રીતે પાકે તેવી કેસર કેરી મળશે.

પ્લોટ નં. ૭૬૨/૧, સે.૪/સી, ગાંધીનગર.
મો. ૯૩૦૬૯૪૨૩૩૦